## વૃક્ષ એ જીવનની પુંજી છે
## આજે વાવો, ભવિષ્યને સુરક્ષિત બનાવો



Design By : Banas Dairy Media

પ્રકાશન :- ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



# બનાસની ધરતીનો ધબકાર

અંક: ૨૯ | જૂન- ૨૦૨૫
www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ અરવલ્લી ગ્રીન વૉલ પ્રોજેક્ટ દ્વારા અરવલ્લી પર્વતમાળાને ફરી વનીકરણ કરવાનો કર્યો સંકલ્પ, ચેરમેનશ્રી એ માન્યો આભાર!**

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બનાસને હંમેશા નવો રાહ ચીંધ્યો છે - ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**

**ગાંધીનગર ખાતે આયોજિત સહકારથી સમૃદ્ધિ સંમેલન'માં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ રજુ કર્યા સહકારી ક્ષેત્રના અનુભવો**







# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના શુભહસ્તે બનાસકાંઠા જિલ્લા ખાતેથી  રિચાર્જ કૂવા નિર્માણના કાર્યનો શુભારંભ કરાયો

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બનાસને હંમેશા નવો રાહ ચીંધ્યો છે – ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ જળથી સમૃદ્ધ ભારતનું નિર્માણ કરવા દેશભરમાં "કેચ ધ રેઈન" અભિયાન શરૂ કર્યું**

**સીમનું પાણી સીમમાં, ગામનું પાણી ગામમાં' રહે તેવા મંત્ર સાથે રીચાર્જ કૂવાના નિર્માણ કાર્યનો શુભારંભ કરાયો**

**આપણા પરંપરાગત મૂલ્યો મુજબ પાણી માત્ર કુદરતી સંસાધન નથી, પણ પવિત્ર તત્વ છે – જેને હંમેશા શ્રદ્ધા અને સંરક્ષણની દ્રષ્ટિએ જોવાય છે.**

**રાષ્ટ્રીય વિકાસ માટે માત્ર ઔદ્યોગિક વિકાસ પુરતો નથી, પરંતુ પર્યાવરણ જાળવવું અને પાણી જેવા મહત્વપૂર્ણ સ્ત્રોતનું સંરક્ષણ કરવું અનિવાર્ય છે.**

**બનાસકાંઠા જિલ્લામાં ડાર્ક ઝોનની મુશ્કેલી દૂર કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ કામ શરૂ કરવામાં આવ્યું છે : કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલ**




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સશક્ત નેતૃત્વ અને વિઝન હેઠળ આજે સમગ્ર દેશમાં વિકાસના માર્ગે જળશક્તિને કેન્દ્રમાં રાખીને વિવિધ અભિયાનો શરૂ થયા છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્રને અનુસરીને ભારત આજે પોતાની કુદરતી સંપત્તિને સાચવીને ભવિષ્યના ભારતનું નિર્માણ કરી રહ્યું છે. આ દિશામાં જ વડાપ્રધાનશ્રીએ "સીમનું પાણી સીમમાં અને ગામનું પાણી ગામમાં" રહે તેવા આશયથી જળશક્તિ અભિયાન: કેચ ધ રેઈન – ૨૦૨૫ની શરૂઆત કરી છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારત સરકારના જળ શક્તિ મંત્રાલય દ્વારા અમલમાં મૂકાયેલા "જળ શક્તિ અભિયાન: કેચ ધ રેઈન – ૨૦૨૫" અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં 30 મેં, ૨૦૨૫ નાં રોજ "જળ સંચય જન ભાગીદારી" ના ઉદેશ્યને કેન્દ્રસ્થાને રાખી રિચાર્જ કૂવા બનાવવાના કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલા "કેચ ધ રેઈન" અભિયાન અંતર્ગત જળ સંચય જન ભાગીદારી નેમ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલજી, ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સહિત મંત્રીશ્રીઓ અને મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના ચોડુંગરી ગામ ખાતેથી રિચાર્જ કુવા નિર્માણનો શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોએ જે.સી.બી અને ટ્રેકટરને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવીને રિચાર્જ કુવાનું લોકાર્પણ કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનશક્તિને દેશના વિકાસ સાથે જોડવાનો માર્ગ મોકળો કર્યો છે અને "સૌના સાથ, સૌના વિકાસ"ની સંકલ્પનાને પાયામાં રાખી પરંપરા ઊભી કરી છે. આજે ગુજરાત જે સર્વાંગી વિકાસની દિશામાં આગળ વધ્યું છે, તેના મૂળમાં વડાપ્રધાનશ્રીનો જળશક્તિ, જનશક્તિ, ઊર્જાશક્તિ, રક્ષાશક્તિ અને જ્ઞાનશક્તિ પર આધારિત વિચાર છે. વડાપ્રધાનશ્રી વારંવાર કહે છે કે વિકાસ માટે પાણી સૌથી પ્રથમ અને મહત્વપૂર્ણ આવશ્યકતા છે. જ્યારે શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદ સંભાળ્યું ત્યારે રાજ્યમાં ન તો પૂરતું પાણી હતું કે ન પૂરતી વીજળી. પરંતુ તેમણે દરેક સંકટને અવસરમાં ફેરવવાની દૃઢશક્તિ અને દ્રષ્ટિ આપણામાં ઊંડે ઉતારી છે. જળસંકટના નિરાકરણ માટે તેમણે લોકોની ભાગીદારીથી જળસંગ્રહ, જળસંચય અને ચેકડેમ-બંધારાના વિશાળ અભિયાનો શરૂ કર્યા. પરિણામે, જે ગુજરાત પહેલા પાણીની અછતથી પીડાતું હતું તે આજે પાણીની દ્રષ્ટિએ સ્વાવલંબી બન્યું છે — વોટર ડેફિસિટ સ્ટેટમાંથી વોટર સરપ્લસ સ્ટેટ બની ગયું છે.

મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું કે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આપણે હવે એ દિશામાં આગળ વધી રહ્યા છીએ કે પાણી આવે એ પહેલાં જ પાળ બાંધી લેવી — એટલે કે પહેલેથી જ આયોજન અને વ્યવસ્થાઓ ગોઠવી દેવી.

સમગ્ર દેશમાં ભૂગર્ભ જળના તળ ઊંચા લાવી શકાય તેવા ઉમદા હેતુથી વડાપ્રધાનશ્રીએ ૨૦૧૯માં રાષ્ટ્રવ્યાપી જળશક્તિ અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શનમાં દેશભરમાં જનભાગીદારીથી જળસંચયના કામો ઉપાડ્યાં છે. બનાસકાંઠામાં ભૂગર્ભ જળના તળ ઊંચા લાવવા રાજ્ય સરકારે લગભગ ૫૦ હજાર રિચાર્જ કૂવા બનાવવાનું આયોજન હાથ ધર્યું છે. એમાં બનાસ ડેરીના સહયોગથી ૨૫ હજાર રિચાર્જ કૂવા બનવાના છે. બનાસ ડેરીની આ પ્રતિબદ્ધતા માટે મુખ્યમંત્રીએ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સીમનું પાણી સીમમાં, ગામનું પાણી ગામમાં' રહે તેવો મંત્ર આપીને રાજ્યમાં તમામ સ્તરે જળ સંચયના કામો જનભાગીદારીથી શરૂ કરાવ્યા છે. ચોમાસાના વહી જતાં પાણીને જળ સંચય અને જળ વ્યવસ્થાપનના પ્રયાસોથી અટકાવીને જમીનમાં ઉતારીને ભૂગર્ભ જળસ્તર ઉંચા લાવવા, સિંચાઇ વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવા, ખેત ઉત્પાદનમાં વધારો કરવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે આપણે કૂવા રિચાર્જ નિર્માણ માટેનું અભિયાન શરૂ કર્યું છે. તેમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉમેર્યું હતુ.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી એ જણાવ્યું કે, આપણી સનાતન સંસ્કૃતિમાં પાણીને પરમેશ્વરનો પ્રસાદ અને નદીઓને માતાનું સ્થાન મળ્યું છે. એટલું જ નહીં, કૃષિના ઋષિ એવા ખેડૂતો કૃષિક્રાંતિ કરી શકે તે માટે પણ જળસિંચન મહત્વનું અંગ છે. પ્રાકૃતિક ખેતી- સૌ સમસ્યાઓનું સમાધાન છે. રાજ્યમાં પૂરતું પાણી મળવાથી ખેતી અને ખેત ઉત્પાદન પણ વધ્યાં છે. આપણે ખેતીને વધુ સમૃદ્ધ બનાવવા રસાયણ ખાતર મુક્ત ખેતી, પ્રાકૃતિક ખેતી પર ફોકસ કર્યું છે. રાસાયણિક ખાતરના ઉપયોગથી જમીન અને માનવી બન્નેનું સ્વાસ્થ્ય બગાડે છે. આજે નાની વયે બી.પી, સુગર, હાર્ટઅટેક જેવા ગંભીર રોગોનું પ્રમાણ વધી રહ્યું છે.વડાપ્રધાનશ્રીએ આ સ્થિતિ સુધારવા માટે 'બેક ટુ બેઝિક' નો મંત્ર આપ્યો છે. અને પ્રાકૃતિક ખેતીની મૂહિમ ઉપાડી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વિકસિત ભારત માટે પ્રકૃતિના સંરક્ષણને, રાષ્ટ્રપ્રેમને, જનજાગૃતિને અને ભવિષ્યની પેઢી પ્રત્યેની જવાબદારીને પણ જોડતા સંકલ્પો આપણને આપ્યા છે. પર્યાવરણને અનુકૂળ રહીને સર્વાંગી વિકાસનો માર્ગ ચીંધી તેમણે જળ સંચયની સાથે ગ્રીનકવર વધારવા માટે 'એક પેડ માં કે નામ' જેવા જન અભિયાન શરૂ કરાવ્યા છે. વોકલ ફોર લોકલના મંત્રથી સ્વદેશી ઉત્પાદનને વેગ આપવાનો રાહ પણ વડાપ્રધાનશ્રીએ ચીંધ્યો છે. પ્રાકૃતિક ખેતીને અપનાવી ભવિષ્યની પેઢીના સ્વાસ્થ્યને જાળવવાની દિશા તેમણે દર્શાવી છે. આવા સંકલ્પો દ્વારા વિકસિત ભારત ૨૦૪૭ ના નિર્માણનું તેમણે આહવાન કર્યું છે. આજનો આ જળસંચય માટેનો આપણો પ્રયાસ આવનારી પેઢીને વધુ જળ સુરક્ષા પૂરી પાડશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલજી એ ઓપરેશન સિંદૂરની જ્વલંત સફળતા માટે વિશ્વ નેતા અને યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા દેશની સૈન્ય શક્તિને અભિનંદન પાઠવીને જણાવ્યું હતું કે, આ ઓપરેશનની સફળતાથી આપણા સૈન્યબળની બહાદુરી અને શૌર્યને દેશભરનું જનબળ તિરંગા યાત્રાથી બિરદાવી રહ્યું છે. ત્યારે આપણે સૌ પણ દેશના જવાનોનું ભારત માતા કી જયના નારાથી સન્માન કરીએ એમ ગર્વભેર જણાવ્યું હતું.



કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલજી એ જણાવ્યું કે, દેશમાં ૧૮% પશુઓ છે. જેમાં બનાસકાંઠામાં સૌથી વધુ પશુઓ છે. આ પશુ તેમજ જીવન સૃષ્ટિ માટે પાણી અગત્યનું પરિબળ છે. પણ તમને જાણીને આશ્ચર્ય થશે કે દેશમાં ૪% પીવાનું પાણી ઉપલબ્ધ છે. દેશમાં પાણીની વાત કરીએ તો ૭૦૦ પૈકી ૧૫૦ જિલ્લા ડાર્ક ઝોનમાં આવે છે,જેમાં ઉત્તર ગુજરાતનો સૌથી મોટો જિલ્લો બનાસકાંઠા પણ ડાર્ક ઝોનમાં આવેલ છે. બનાસકાંઠા જિલ્લાને ડાર્ક ઝોનમાંથી બહાર નીકાળવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શનમાં છેલ્લા ૧ વર્ષથી કામ કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શનમાં પાણીના બચાવ માટે દેશભરમાં અમૃત સરોવર, નર્મદા યોજના જેવી વગેરે યોજના દ્વારા અવિરત કામ કરવામાં આવી રહ્યું છે. ભારત દેશના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલજી કહેતા હતા નદીઓને જોડવી જોઈએ. શ્રી અટલજીના સ્વપ્નને દેશના વડાપ્રધાનશ્રી પૂર્ણ કરી રહ્યા છે. નર્મદા, સાબરમતી અને કચ્છની નદીઓ સાથે જોડાણ માટે કામ થઈ રહ્યું છે. સાથે રાજસ્થાન, મધ્યપ્રદેશમાં ત્રણ નદીઓને જોડવા માટે ૭૭ હજાર કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. વડાપ્રધાનશ્રીએ જોયેલ વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા માટે પાણીની જરૂરિયાત પૂર્ણ કરવા માટે ડેમ બનાવવા કરતા "કેચ ધ રેઈન" અંતર્ગત વરસાદનું પાણી સંગ્રહ કરીને ભૂગર્ભ જળમાં પાણીને ફરીથી સંગ્રહ કરવાની તાકીદ છે.

"વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં દેશભરમાં વરસાદી પાણીના સંગ્રહ માટે કાર્ય થઇ રહ્યું છે ત્યારે બનાસકાંઠા જિલ્લા, બનાસવાસીઓ અને બનાસ ડેરીએ વરસાદી પાણીના સંગ્રહ માટે રિચાર્જ કૂવા નિર્માણનો શુભારંભ કરીને આપણા વિસ્તારને ડાર્કઝોનમાંથી બહાર કાઢવાની શરૂઆત કરી છે. હવે પાણી સાથે આપણું ભવિષ્ય પણ સુરક્ષિત થશે!" - ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી






આ પ્રસંગે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પાણીથી ઝઝૂમતા દેશના ડાર્ક ઝોનમાં આવેલા જિલ્લાઓને બહાર લાવવા માટે બીડું ઝડપ્યું છે ત્યારે ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાની સૌથી પહેલા પસંદગી કરવામાં આવી છે. ખેતરનું પાણી ખેતરમાં તથા સીમનું પાણી સીમમાં રહે તે માટે બનાસ ડેરીએ બીડું ઝડપ્યું છે. બનાસ ડેરી જિલ્લામાં ૨૫ હજાર રિચાર્જ કુવા બનાવશે, જેમાં ૫૦ ટકા સહાય બનાસ ડેરી દ્વારા ખેડૂતોને આપવામાં આવશે. ધરતીમાં વધુમાં પાણી ઉતારી શકાય તે માટે આપણે તમામ પ્રયાસ કરવા જોઈએ. તેમણે કહ્યું કે, આગામી ૪ વર્ષ આ અભિયાન ચલાવીએ તથા આગામી ૧૦ વર્ષનું આયોજન કરીએ તે મુજબ કામ કરવા જણાવ્યું હતું. બનાસકાંઠાને હરિયાળો બનાવવા માટે બનાસ ડેરી દ્વારા પર્વતો પર સિડ બોલ ફેંકીને પર્વતોને હરિયાળા બનાવવા માટે કામ કર્યું છે. તેમણે ઓપરેશન સિંદૂરની સફળતા અંગે વાત કરી હતી.

જળ શક્તિ મંત્રાલયના એમ.ડી શ્રી અર્ચના વર્માએ જળ શક્તિ મંત્રાલય દ્વારા કરવામાં આવેલી કામગીરી વિશે ઉપસ્થિત લોકોને માહિતી આપી હતી તથા બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલે પ્રારંભિક શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત, રાજ્ય ગૃહ મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, સાંસદશ્રી ભરતભાઈ ડાભી, શ્રી બાબુભાઈ દેસાઈ, સર્વે ધારાસભ્યશ્રી અનિકેતભાઇ ઠાકર, શ્રી કેશાજી ચૌહાણ, શ્રી સ્વરૂપજી ઠાકોર, શ્રી માવજીભાઈ દેસાઈ, જળ શક્તિ એમ.ડી શ્રી અર્ચના વર્મા, જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવે, બનાસ બેન્કના ચેરમેનશ્રી ડાહ્યાભાઈ પીલીયાતર, બનાસ મેડિકલ કોલેજના ચેરમેનશ્રી પી.જે.ચૌધરી, પૂર્વ ગૃહ મંત્રીશ્રી હરિભાઈ ચૌધરી, પૂર્વ સાંસદશ્રી પરબતભાઈ પટેલ, રાજ્યસભા સાંસદ શ્રી દિનેશભાઈ અનાવડીયા સહિત વિવિધ અધિકારીશ્રીઓ, મહાનુભાવો અને બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

"રાજ્ય સરકારે ૫૦,૦૦૦ રિચાર્જ કૂવા બનાવવાનું નક્કી કર્યું છે, જેમાં એકમાત્ર બનાસ ડેરીએ ૨૫,૦૦૦ કૂવા રિચાર્જ નિર્માણનું કામ શરૂ કર્યું છે. બનાસ ડેરી અને શ્રી શંકરભાઈ ચૌધરીની આ પ્રતિબદ્ધતા માટે એમનો ખુબ ખુબ આભાર માનું છું."



## શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય



"આજદિન સુધી કોઈ ડેરીએ ખેડૂતો અને પશુપાલકોના હિત માટે યોજના બનાવી નથી, પણ બનાસ ડેરી એ એકમાત્ર એવી સંસ્થા છે, જે જળસંચય માટે કાર્ય કરે છે. શ્રી શંકરભાઈ ચૌધરી હંમેશા બનાસવાસીઓની સાથે, એમના પડખે અને મદદ માટે કટીબદ્ધ રહે છે."



## શ્રી સી. આર. પાટીલ

માન. કેન્દ્રીય મંત્રી, જળ શક્તિ મંત્રાલય,
ભારત સરકાર

## "સહકારી આગેવાનો સફેદ કપડામાં સંત સમાન છે" – ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી

આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ 2025 નિમિત્તે રાજભવન, ગાંધીનગર ખાતે માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આયોજિત 'સહકારથી સમૃદ્ધિ સંમેલન'માં ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ હાજરી આપી હતી. આ પ્રસંગે, ગુજરાતમાં કૃષિ, પશુપાલન, ફાઈનાન્સ સહિતના વિવિધ ક્ષેત્રોમાં સહકારિતાના માધ્યમથી સમૃદ્ધિ પ્રાપ્ત કરી રહેલ પ્રગતિશીલ સહકારી મંડળીઓના પ્રતિનિધિઓએ તેમના અનુભવો રજુ કર્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ધરતીપુત્રોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અંગે પ્રેરિત કરાયા અને આ અંગેની સુંદર જાણકારી આપવામાં આવી હતી અને રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીના વિકાસ માટે રાજ્ય સરકારના પ્રયાસોની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સહકાર એ માત્ર વ્યવહાર નથી, એ એક ભાવના છે, આ ભાવનાને દ્રઢપણે અપનાવવાથી આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી સાર્થક થશે.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત સહકારી આગેવાનો અને ખેડૂતોને જણાવ્યું હતું કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને માનનીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં "સહકારથી સમૃદ્ધિ"ના મંત્ર સાથે સહકારિતા ક્ષેત્રનો અભૂતપૂર્વ વિકાસ થઇ રહ્યો છે. PACS નો વ્યાપ વધારીને તેમના આધુનિકીકરણનું ખૂબ મહત્વપૂર્ણ કાર્ય આજે દેશભરમાં થઈ રહ્યું છે. "સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર" અને "સહકારી સંસ્થાઓને સરકારના સહકાર"નું મોડલ આજે દેશમાં તૈયાર થઈ રહ્યું છે. ગુજરાત માટે તો ઘણા ગૌરવની વાત છે કે આપણા રાજ્યની સહકારી પ્રવૃત્તિઓ સમગ્ર દેશમાં રોલ મોડલ બની છે. દેશની પ્રથમ ત્રિભુવન સહકારિતા યુનિવર્સિટી ગુજરાતમાં નિર્માણ થનાર છે, જે ગુજરાત અને દેશને સહકારી ક્ષેત્રે કૌશલ્યવાન માનવબળ પૂરું પાડશે. 'વિકસિત ભારત - વિકસિત ગુજરાત'ના નિર્માણમાં બનાસ ડેરીનું શ્રેષ્ઠ યોગદાન મળતું રહેશે.

> "
> **ગાંધીનગર ખાતે આયોજિત સહકારથી સમૃદ્ધિ સંમેલન'માં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ રજુ કર્યા સહકારી ક્ષેત્રના અનુભવો**
> "





આ પ્રસંગે માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું છે કે,ગુજરાતના લોકોમાં આદિકાળથી સહકારની ભાવના રહેલી છે. અહીંના નાગરિકો માત્ર પોતાની પ્રગતિ માટે જ નહીં, પરંતુ પોતાની સાથેના લોકોની ઉન્નતિ માટે પણ કાર્ય કરે છે. ગુજરાતના લોકો સહકારના બળ પર નિરંતર આગળ વધતા રહ્યા છે અને એનું જીવંત ઉદાહરણ છે – અમૂલ ડેરી. તેમણે સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા તમામ પ્રતિનિધિઓને કૃષિ, બેંકિંગ, મત્સ્ય ઉદ્યોગ જેવા ક્ષેત્રમાં સહકાર દ્વારા નવી તકો ઊભી કરી, રોજગારીનું સર્જન કરવા આહવાન કર્યું હતું.

'સહકારથી સમૃદ્ધિ સંમેલન'માં ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ ઉપસ્થિત સહકારી આગેવાનોનો "સફેદ કપડાની અંદર સંત" તરીકે સંબોધન કરીને હાર્દિક સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું કે આ સહકારી આગેવાનો એવા લોકો છે જેઓએ પોતાના અંગત હિતને ઓળંગી, પોતાનું જીવન સર્વસામાન્ય લોકોના કલ્યાણ માટે સમર્પિત કર્યું છે. પોતાના પરિવાર માટે કંપની કે ઉદ્યોગ ઊભા કરવા બદલે, લોકોના હિત માટે અનેક સહકારી સંસ્થાઓની રચના કરી છે. આજે જ્યારે મૂડીવાદી સંસ્કૃતિ પ્રબળ બની છે, ત્યારે આવા નિ:સ્વાર્થ સહકારી આગેવાનો સમાજ માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે.

ચેરમેનશ્રીએ આનંદ વ્યક્ત કરતાં કહ્યું કે આઝાદી પછી પ્રથમવાર ગવર્નર હાઉસમાં સહકારી આગેવાનો માટે 'સહકારથી સમૃદ્ધિ સંમેલન'નું આયોજન એક ઐતિહાસિક ક્ષણ છે. સામાન્ય રીતે ધારાસભ્યથી ઉપર પદ ધરાવતા લોકોને જ અહીં આમંત્રિત કરવામાં આવે છે, પણ આજે રાજ્યપાલશ્રીએ સહકારી આગેવાનોને આમંત્રિત કર્યા છે, જે સરકારના સહકાર પ્રત્યેના દ્રષ્ટિકોણને દર્શાવે છે. ચેરમેનશ્રીએ આ ભાવપૂર્ણ આમંત્રણ માટે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનો આભાર વ્યક્ત કર્યો.

તેમણે જણાવ્યું કે આઝાદીના લાંબા સમય પછી માત્ર અમૂલ, ઇફ્કો અને લિજ્જત પાપડ જેવી જ સહકારી સંસ્થાઓ જાણીતી હતી. પરંતુ આજે કેન્દ્ર તથા રાજ્ય સરકારના પ્રયાસોથી અસંખ્ય નવી સહકારી સંસ્થાઓ ઊભી થઇ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહના નેતૃત્વ હેઠળ બહુ રાજ્ય સહકારી સંઘ અધિનિયમ, 2002 અંતર્ગત 'ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL)' ની રચના કરવામાં આવી છે. જેમાં સમગ્ર દેશમાંથી ૧૪,૮૭૬ સંસ્થાઓ જોડાઇ ચૂકી છે. BBSSL નું પ્રમોશન IFFCO, KRIBHCO, NAFED, NDDB અને NCDC જેવી મોટી સહકારી સંસ્થાઓ દ્વારા થયું છે. તે એક બ્રાન્ડ હેઠળ ગુણવત્તાયુક્ત બીજોનુ ઉત્પાદન અને વિતરણ કરે છે. જે સંસ્થાઓ મારફતે સીધા ખેડૂતો સુધી પહોંચે છે. આ પગલાંથી પાકની ઉપજમાં સુધારો થયો છે અને દેશી બીજોના સંરક્ષણ તેમજ પ્રચાર માટે એક મજબૂત માળખું ઊભું થયું છે.



BBSSL જેવી સંસ્થાઓના માધ્યમથી હવે દેશી અને કુદરતી જાતીના બીજોને પ્રોત્સાહન મળી રહ્યું છે. પાકની ઉપજ વધી છે, વિદેશી બીજની આયાત પર નિર્ભરતા ઘટી છે અને ગ્રામિણ અર્થતંત્રને નવી દિશા મળી છે. "મેક ઇન ઇન્ડિયા" અને "આત્મનિર્ભર ભારત" અભિયાનને પણ બળ મળ્યું છે.

તેઓએ ખાસ ઉલ્લેખ કર્યો કે ખેતી ખેડૂત કરે છે, પરંતુ નફો મોટી કંપનીઓ લઇ જાય છે, પણ હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શન હેઠળ એવી વ્યવસ્થાઓ ઊભી થઇ રહી છે કે નાના ખેડૂતો પણ સહકારના માધ્યમથી પોતાનાં બીજ ઉત્પન્ન કરી શકે છે. આવા પ્રયાસોથી ખેડૂતો આત્મનિર્ભર બની રહ્યાં છે. સહકારી ક્ષેત્રોમાં પહેલાં માત્ર અમુક સંસ્થાઓના નામો જાણીતા હતા, ત્યાં હવે દરેક ક્ષેત્રમાં સહકારી સંસ્થાઓનું સંવર્ધન થયું છે.

તેમણે મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની કામગીરીનો ઉલ્લેખ કરતાં કહ્યું કે તેમનું વ્યક્તિત્વ કુદરત સાથે ગાઢ જોડાણ ધરાવે છે. અનેક લોકોએ એમની પાસે પ્રાકૃતિક કૃષિ અને વ્યવસ્થાપન શીખ્યું છે. પરંતુ તેઓ માત્ર આધ્યાત્મિકતાના પ્રતિનિધિ નહિ, પણ એક વૈજ્ઞાનિક દૃષ્ટિ ધરાવનાર લીડર છે. તેઓ માઇક્રોલેવલ સુધી વિચારીને સચોટ આયોજન કરે છે. હું પોતે દૂધ ઉત્પાદન અને પશુપાલન ક્ષેત્ર સાથે સંકળાયેલો છું અને મને બ્રિડિંગ વિષે સારી માહિતી છે એવું માનીને બેઠો હતો. પરંતુ જ્યારે હું રાજ્યપાલશ્રીના ફાર્મ પર ગયો ત્યારે ખબર પડી કે બ્રિડિંગ અને સંચાલનના ક્ષેત્રમાં તેઓ ખૂબ અનુભવી છે. એમની કાર્યશૈલી જોઈને મને લાગ્યું કે મારે હજુ ઘણું શીખવાનું છે.

પ્રાકૃતિક ખેતી વિષે પોતાનો અનુભવ વ્યક્ત કરતાં ચેરમેનશ્રીએ જણાવ્યું કે જમીનની ઉપજશક્તિ અને પોષણક્ષમ ખોરાકની વાત આવે ત્યારે પ્રાકૃતિક ખેતી સિવાય બીજો કોઇ વિકલ્પ નથી. ખેતરમાં ગાયના ઉપયોગથી જમીનની મીઠાશ જળવાય છે, ઉત્પાદન વધે છે અને ખેતી વધુ સ્વસ્થ અને ટકાઉ બને છે. ગાય માત્ર દૂધ પૂરું પાડે એવી નહિ, પણ ખેતી માટે પણ અમૂલ્ય સહયોગી છે.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ દ્વારા અરવલ્લી પર્વતમાળાને ફરી વનીકરણ કરવાનો કર્યો સંકલ્પ

વિશ્વ પર્યાવરણ દિવસ, વિશ્વભરના લોકોને ધરતી માતાના રક્ષણ માટે એક થાય તેવા સંકલ્પોનો દિવસ છે. 2025 ના પર્યાવરણ દિન નિમિત્તે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પર્યાવરણને સમર્પિત એક ઉલ્લેખનીય પહેલ કરી – જે માત્ર એક દિવસ પૂરતી પ્રવૃત્તિ નહીં પણ વિઝન ધરાવતી ગ્રીન ક્રાંતિ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દિલ્હીના ભગવાન મહાવીર વનસ્થલી પાર્કમાં યોજાયેલા વિશાળ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો અને સ્વયં એક છોડ વાવીને "એક પેડ મા કે નામ" અભિયાનની મજબૂત શરૂઆત કરી. આ અભિયાન માત્ર એક વૃક્ષ રોપવાનું કાર્ય નહીં, પણ કુદરત પ્રત્યેનો આપણો પ્રેમભાવ અને ભવિષ્ય પેઢી માટેની જવાબદારી દર્શાવતું અભિયાન છે.





## એક છોડ, અનેક અર્થ

"એક પેડ મા કે નામ" એક એવો વિચાર છે જે વ્યક્તિનાં જીવનમાં મહત્વ ધરાવનારા કોઈ માટે વૃક્ષ વાવવા પ્રેરણા આપે છે – માતા, પિતા, ગુરુ, સંતાન, શહીદ જવાન કે સ્વયં ધરતી માટે પણ. દરેક વૃક્ષ એ પ્રેમ, કૃતજ્ઞતા અને પર્યાવરણ પ્રત્યેના મર્મનો પ્રતીક બની જાય છે. વડાપ્રધાશ્રીએ જ્યારે વૃક્ષ વાવ્યું ત્યારે એ સાથે દેશના તમામ નાગરિકોને આ અભિયાન સાથે જોડાવાનું આમંત્રણ આપ્યું, ખાસ કરીને યુવાનોને, જેમને દેશના ભવિષ્યના સુખદ શ્વાસ બનીને દેશને હરિયાળું બનાવવાનું છે.

## અરવલ્લી પર્વતમાળાનું પુનર્જીવન – એક રાષ્ટ્રિય સંકલ્પ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ખાસ રૂપથી "અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ" અંગે એક રાષ્ટ્રિય સંકલ્પ રજૂ કરતાં જણાવ્યું કે અરવલ્લી પર્વતમાળા માત્ર એક પર્વતશ્રેણી નહીં, પણ આપણો કુદરતી ઐતિહાસિક વારસો છે. આ પર્વતમાળાઓ વિશ્વના સૌથી જૂના પર્વતોમાં એક છે, જે ગુજરાતથી લઈને દિલ્હી સુધી પ્રસરી છે.

મોદીજીએ જણાવ્યું કે સરકાર અરવલ્લી પર્વતમાળાને ફરી હરિયાળું બનાવવાનો, તેની જૈવિક વૈવિધ્યતા પુનઃસ્થાપિત કરવાનો અને તેને સ્થાયી વિકાસ સાથે સંલગ્ન કરવાનો દૃઢ સંકલ્પ રાખે છે.

## નીચાણવાળા વિસ્તારનું જળપ્રબંધન અને ધૂળ રોકાણ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ભારપૂર્વક જણાવ્યું કે સરહદી વિસ્તારોમાં ખાસ કરીને રણના પૂર્વ વિસ્તરણને અટકાવવું, ધૂળના તોફાનો સામે પ્રાકૃતિક ઢાલ ઉભી કરવી અને જળસંગ્રહની વ્યવસ્થા મજબૂત કરવી એ સરકારના મુખ્ય લક્ષ્યોમાં છે.

આ ઉપરાંત અરવલ્લી પર્વતમાળાના વિસ્તારોમાં જમીનની ઉત્પાદન શક્તિ વધારવી, દૂધ ઉત્પાદન આધારિત કૃષિ મોડેલને ટેકો આપવો અને પ્રાકૃતિક ખેતી દ્વારા જીવન ગુણવત્તા સુધારવી પણ આ પહેલના હિસ્સા છે.

## ટેક્નોલોજી અને પરંપરાનો સુમેળ

આ પ્રયાસો માત્ર પરંપરાગત વાવેતર અને વૃક્ષારોપણ પદ્ધતિઓ સુધી મર્યાદિત નહીં રહે. વડાપ્રધાનશ્રી એ જણાવ્યું કે ખાસ કરીને શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં જ્યાં જમીનની અછત છે, ત્યાં વર્ટિકલ ગાર્ડનિંગ, રૂફટોપ ફાર્મિંગ જેવી નવીન ટેકનિક અપનાવવામાં આવશે.

દરેક વૃક્ષારોપણ પ્રવૃત્તિને જીઓ-ટેગ કરીને "માય લાઈફ" પોર્ટલ પર નોંધવામાં આવશે, જેનાથી તેની વિકાસ પ્રક્રિયાની મોનિટરિંગ શક્ય બનશે. આ નીતિ વન વિભાગ, સ્થાનિક વહીવટ તંત્ર અને નાગરિકોની સહભાગિતાથી ચાલશે – એક સહભાગી સંવેદનશીલ વ્યવસ્થા.

## યુવાનો માટે એક જાહેર આમંત્રણ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ખાસ કરીને ભારતના યુવાનોને આહ્વાન કર્યું હતું કે તેઓ આ હરિત યાત્રાનો હિસ્સો બને. "તમે જ્યારે એક વૃક્ષ વાવો છો, ત્યારે એ એક નવા શ્વાસ, એક નવી આશા અને એક નવા યુગની શરૂઆત છે," એમ તેમણે કહ્યું.

"આ પૃથ્વી આપણી નથી – એ આપણાં બાળકોનો વારસો છે. ચાલો, આપણે તેમને શૂન્ય નહિ, પણ શ્વાસ આપે તેવું ભવિષ્ય આપી જઈએ," એમ તેમણે ઉમેર્યું.



## કુદરત પ્રત્યેનો સંકલ્પ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની આ પહેલ આજે એક ચળવળ રૂપે સ્વીકારાઈ રહી છે. "એક મેડ મા કે નામ" અને 'અરવલ્લી ગ્રીન વૉલ' એક સાથે દેશના પર્યાવરણ માટે બે મોટાં પગલાં છે – એક વ્યક્તિગત સ્તરે પ્રેરણા આપે છે, બીજું રાષ્ટ્રીય સ્તરે સંસ્થાગત બદલાવ લાવે છે.

આ પ્રોજેક્ટ માત્ર વૃક્ષો વાવવાનો કાર્યક્રમ નથી – એ માનવતા માટે આશા, ધરતી માટે નવજીવન અને ભવિષ્ય માટે નવી દિશા છે. આજથી આપણા સૌની ફરજ છે કે એક વૃક્ષ રોપી, એ વૃક્ષનું પોષણ કરીને, પેઢીઓ સુધી હરિયાળી રહે તે માટે પોતાનું યોગદાન આપીએ.

## ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ મોદીજીનો માન્યો આભાર

અરવલ્લી ગ્રીન વૉલ પ્રોજેક્ટ તેમજ પુનઃવનીકરણના માધ્યમથી સૌને પર્યાવરણલક્ષી ભેંટ અપાવવા બદલ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે સર્વે બનાસવાસીઓને નમ્ર વિનંતી કરતાં જણાવ્યું હતું કે માઁ અંબાજીના સાનિધ્યમાં આપણે બધાએ જનભાગીદારી સાથે આ પાવન સંકલ્પને એક જનઆંદોલન બનાવવું જોઈએ. વડાપ્રધાન મોદીએ જે રીતે અરવલ્લી પર્વતમાળાને ગ્રીન વૉલ બનાવવાનો નક્કર નિર્ણય લીધો છે, તે ગુજરાત માટે એક વિશાળ ભેટ છે. “અરવલ્લીની ગિરિમાળાઓને હરિત આવરણ આપવા બદલ અમે વડાપ્રધાનનો દિલથી આભાર માનીએ છીએ. આ અભિયાનથી પર્યાવરણનું જ નહીં, પરંપરા, કૃષિ અને સમાજનું પણ સંવર્ધન થશે,” તેમ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઉમેર્યું હતું.







# બનાસ ડેરીનાં પટાંગણમાં વડગામ અને પાલનપુર તાલુકાના પશુપાલકો માટે કરાયું દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમનું આયોજન

બનાસ ડેરીનાં પટાંગણમાં વડગામ અને પાલનપુર તાલુકાના પશુપાલકો માટે બનાસ ડેરી અને GCMMF દ્વારા ૨ જુન, ૨૦૨૫ નાં રોજ દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમમાં પશુપાલક પરિવારોના મહત્વપૂર્ણ યોગદાનને બિરદાવવામાં આવ્યું.

બનાસ ડેરી ખાતે યોજાયેલા દૂધ દિન તથા મહિલા જાગૃતિ કાર્યક્રમમાં વડગામ અને પાલનપુર તાલુકાની અનેક બહેનો અને પશુપાલકોએ ઉત્સાહભેર ભાગ લઇ, કાર્યક્રમને ઉજવણીનું રૂપ આપ્યું. અહીં જોવા મળેલ મહિલા સશક્તિકરણનું દ્રશ્ય એ સાબિત કરે છે કે બનાસકાંઠાની બહેનો હવે માત્ર ઘર પુરતી સીમિત નથી રહી, પરંતુ દૂધ ઉત્પાદનથી લઈને સમૃદ્ધિ સુધીની યાત્રામાં નેતૃત્વભૂમિકા ભજવી રહી છે.

અત્યાર સુધી દૂધની દરેક બુંદમાં ઉર્જા, સમર્પણ અને પરિશ્રમનો જે અવિરત પ્રવાહ મહિલાઓ દ્વારા વહેતો આવ્યો છે, તે બનાસ ડેરીના વિકાસનો મજબૂત આધારસ્તંભ બની રહ્યો છે. તેમના આ અદમ્ય સંઘર્ષના કારણે બનાસ ડેરી આજે માત્ર દૂધ ઉત્પાદનમાં જ નહીં, પરંતુ શિક્ષણ, આરોગ્ય અને કૃષિ ક્ષેત્રે પણ નવી ઊંચાઈઓ તરફ આગળ વધતી થઈ છે. ગ્રામીણ પરિવારોના જીવનમાં સુધારાની અને સમૃદ્ધિ તરફના રસ્તાને હકારાત્મક દિશામાં દોરી રહી છે.



દૂધ દિનની ઉજવણી માત્ર એક કાર્યક્રમ નથી, એ તો પશુપાલક પરિવારોના શ્રમ, નિઃસ્વાર્થ યોગદાન અને સમાજના વિકાસમાં તેમના મહત્વપૂર્ણ ભાગીદારીને સન્માનિત કરવાનો અવસર છે. આ દિવસે આપણે ગૌરવ કરીએ છીએ દરેક મહિલા પશુપાલક, જેમણે તેમના સઘન પરિશ્રમથી બનાસકાંઠાને નવી ઓળખ આપી છે.

બનાસ ડેરી તેમના આ યોગદાનને માત્ર સન્માન આપે છે નહીં, પરંતુ તેમના વિકાસ માટે નવી તકો અને સહકારના દરવાજા પણ ખોલી રહી છે. આવનારા સમયમાં પણ, આવા કાર્યક્રમો મહિલા સશક્તિકરણના પ્રયત્નોને વધુ વેગ આપે અને દૂધના દરેક બુંદમાં વધુ સમૃદ્ધિનું પ્રતિબિંબ જોવા મળે—એજ આશા અને સંકલ્પ સુધી સીમિત નથી રહી, પરંતુ દૂધ ઉત્પાદનથી લઈને સમૃદ્ધિ સુધીની યાત્રામાં નેતૃત્વની ભૂમિકા ભજવી રહી છે.



અત્યાર સુધી દૂધની દરેક બુંદમાં ઉર્જા, સમર્પણ અને પરિશ્રમનો જે અવિરત પ્રવાહ મહિલાઓ દ્વારા વહેતો આવ્યો છે, તે બનાસ ડેરીના વિકાસનો મજબૂત આધારસ્તંભ બની રહ્યો છે. તેમના આ અદમ્ય સંઘર્ષના કારણે બનાસ ડેરી આજે માત્ર દૂધ ઉત્પાદનમાં જ નહીં, પરંતુ શિક્ષણ, આરોગ્ય અને કૃષિ ક્ષેત્રે પણ નવી ઊંચાઈઓ તરફ આગળ વધી રહી છે.



ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ મહિલા પશુપાલકો સાથે સંવાદ દરમિયાન જણાવ્યું હતું કે, "બનાસ ડેરીની વિશિષ્ટતા એ છે કે અમે પશુપાલનમાંથી મળતી રકમ સીધી મહિલાઓના બેંક ખાતામાં જમા કરીએ છીએ. આ માત્ર નાણાંની લેવડદેવડ નથી, આ છે સશક્તિકરણની યાત્રા."

તેમણે સમજાવ્યું કે, "જ્યારે મહિલાઓના ખાતામાં તેમના શ્રમનો પુરસ્કાર પહોંચે છે, ત્યારે તેની સાથે તેમના આત્મવિશ્વાસમાં પણ ઉમંગ ભરાય છે. તેઓ માત્ર પૈસા કમાતી નથી, પણ આખા પરિવારનું ભવિષ્ય ઘડતી જાય છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઉમેર્યું કે, "જ્યારે મહિલાઓના હાથમાં પોતાની આર્થિક નિર્ણાયક શક્તિ  હોય છે, ત્યારે સૌથી પ્રથમ તેઓ પોતાના સંતાનોના ભવિષ્ય માટે રોકાણ કરે છે." તેઓના શિક્ષણમાં વૃદ્ધિ જોવા મળી છે, બાળકો ખાસ કરીને દીકરીઓ હવે ડૉક્ટર, એન્જિનિયર, પોલીસ અધિકારી જેવી પ્રતિષ્ઠિત જગ્યાએ પહોંચતા થયા છે. પહેલા જે જિલ્લો પછાત ગણાતો હતો, આજે એ જ જિલ્લાએ ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨માં શ્રેષ્ઠ પરિણામ આપીને એક નવી ઓળખ બનાવી છે."

વધુમાં તેમણે જણાવ્યું કે, "મહિલા પશુપાલકો હવે લાખોમાં કમાણી કરે છે. તેઓ કોઈના સામે હાથ ફેલાવવાનું ભૂલી ગઈ છે, કારણ કે હવે તેમની પાસે પોતાનું ભરેલું અર્થતંત્ર છે." ચેરમેનશ્રીએ અંતે ખૂબ ઊંડા અર્થની વાત કરી: "જ્યારે સ્ત્રી સશક્ત બને છે, ત્યારે સમાજ અને રાષ્ટ્ર બંને સશક્ત બને છે. બનાસ ડેરી મહિલાઓને આત્મનિર્ભર બનાવે છે, અને એ પોતે સમગ્ર પરિવાર અને સમાજને આગળ વધારતી જાય છે."








# "પ્રકૃતિ માટે બનાસ: બનાસ ડેરીની પર્યાવરણ સંરક્ષણ યાત્રા"

જેમજેમ વિશ્વ ઉદ્યોગીકરણ અને ભૌતિક વિકાસની દિશામાં આગળ વધી રહ્યું છે, તેમતેમ પર્યાવરણ પર તેની અસરનો ગહન પડઘો પડી રહ્યો છે. ભૂમિ ઉત્પાદકતામાં ઘટાડો, વાયુ પ્રદૂષણ, ઊંચી તાપમાનની સ્થિતિ, અને વરસાદની અસમાનતા જેવા પ્રશ્નો આજે ચિંતાનો વિષય બન્યા છે. આવી પરિસ્થિતિમાં, કુદરતને સાચવવાનું દાયિત્વ માત્ર શાસક તંત્રનું નહીં પણ દરેક વ્યક્તિનું છે. આ સંદર્ભમાં બનાસ ડેરીનું પર્યાવરણ પ્રત્યેનું યોગદાન અનન્ય અને પ્રશંસનીય છે.

## એક સભાસદ, વાવે વૃક્ષ વીસ" : જનશક્તિને હરિત શક્તિમાં ફેરવતો દૂરંદેશી સંકલ્પ

બનાસ ડેરીએ પર્યાવરણ સંરક્ષણ માટે "એક સભાસદ, વાવે વૃક્ષ વીસ" સૂત્ર અપનાવ્યું છે, જે સરળ શબ્દોમાં પણ ઊંડો સંદેશ આપે છે—દરેક દૂધ ઉત્પાદક સભાસદ વીસ વૃક્ષો વાવે અને તેનું રક્ષણ કરે. આ દૃષ્ટિકોણ માત્ર વૃક્ષારોપણની કાગદી કામગીરી નહીં, પણ સમાજના દરેક સ્તરે પર્યાવરણ માટે સંવેદનશીલતા ઉભી કરે છે.



## દશ વર્ષમાં દશ કરોડ વૃક્ષોનું લક્ષ્યાંક

બનાસ ડેરીએ આગામી દશ વર્ષ માટે ૧૦ કરોડ વૃક્ષો વાવવાનું મહત્વપૂર્ણ લક્ષ્યાંક નક્કી કર્યું છે. દરેક વર્ષે લગભગ એક કરોડ વૃક્ષો વાવીને તેવું મહાભિયાન હાથ ધરાયું છે, જે માત્ર આ વિસ્તારમાં જ નહીં, પણ ગુજરાત તથા દેશભરમાં એક શાંતિપૂર્ણ હરિત ક્રાંતિ લાવવાની ક્ષમતા ધરાવે છે. દરેક વૃક્ષ માત્ર ઓક્સિજન પૂરું પાડી પર્યાવરણને શુદ્ધ બનાવે છે એટલું નહીં, પણ તે વરસાદ લાવે છે, ધરતીનું ઉકળતું તાપમાન ઘટાડે છે અને ગ્રામ્ય અર્થતંત્રને પણ મજબૂત બનાવે છે.

## વિશ્વ પર્યાવરણ દિવસ: નવો સંકલ્પ, નવી દિશા

દર વર્ષે ૫ જૂનના વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે બનાસ ડેરી જિલ્લાના તેમજ તાલુકા સ્તરે વિશાળ વૃક્ષારોપણ કાર્યક્રમોનું આયોજન કરે છે. આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદક સભાસદો, સ્થાનિક નાગરિકો, શાળાઓ, ગ્રામ પંચાયતો, અને બિનશાસકીય સંસ્થાઓ જોડાઈ એક જુસ્સાભર્યું વાતાવરણ ઉભું કરે છે. આ અવસરે પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવી, નવા પૌધાઓનું રોપણ કરવું અને પ્રાકૃતિક સંસાધનોના સંરક્ષણનું મહત્વ સમજાવવું એ મુખ્ય લક્ષ્ય હોય છે.

## સીડબોલ અભિયાન: વાવેતર વિના વૃક્ષારોપણની ક્રાંતિ

વૃક્ષારોપણનો પરંપરાગત માર્ગ છોડીને બનાસ ડેરીએ વધુ નવી અને વૈજ્ઞાનિક પદ્ધતિનો પણ સ્વીકાર કર્યો છે – "સીડબોલ અભિયાન". ગામના યુવાઓ અને સ્ત્રીઓના સહયોગથી હજારો સીડબોલ તૈયાર કરીને વરસાદની ઋતુમાં ખુલ્લી પર્વતીય તથા વનવિહોણી જમીન પર ફેંકવામાં આવે છે. આથી, કુદરતી રીતે બીજ અંકુરે છે અને વૃક્ષો ઉગે છે. આ અભિયાન માત્ર સંસ્કૃતિથી જોડાયેલ નહીં, પણ પારંપરિક જ્ઞાન અને આધુનિક પદ્ધતિની સંયુક્ત સફળતા છે.



## શિક્ષણ અને જાગૃતિ અભિયાન

બનાસ ડેરીએ પર્યાવરણ માટેની જાગૃતિ ફેલાવવાના ભાગરૂપે ગામલોકોમાં પ્લાસ્ટિક ઉપયોગની નુકસાની, પાણી બચાવવાની રીતો, ઓર્ગેનિક ખેતી તરફ વળવાની જરૂરિયાત વગેરે વિષે શિબિરો અને વર્કશોપો પણ આયોજિત કર્યા છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ અને મહિલાઓને કેન્દ્રમાં રાખીને પર્યાવરણ પ્રત્યે પ્રેમ અને જવાબદારી વિકસાવવાનો પ્રયાસ સતત ચાલી રહ્યો છે.



## પર્યાવરણ-મૈત્રી ઉત્પાદન અને વ્યવસ્થાપન

બનાસ ડેરી પોતાના ઉત્પાદન અને કાર્યશૈલીમાં પણ પર્યાવરણને કેન્દ્રમાં રાખે છે. પાણી પુનઃઉપયોગ સુવિધા, સોલાર પાવર પ્લાન્ટો, વેસ્ટ મેનેજમેન્ટ, અને ગૌમૂત્ર તથા ગોબરના આધારે ઓર્ગેનિક ખાતર નિર્માણ જેવા પ્રયત્નો દ્વારા ડેરી નિકાસમાં પણ કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાનો ઉદ્દેશ ધરાવે છે.



## સામૂહિક સંકલ્પથી હરિત ક્રાંતિ

પર્યાવરણ માટેનું કામ એક દિવસનું, એક વ્યક્તિનું કે એક સંસ્થાનું નથી—તે સતત અને સામુહિક સંકલ્પથી જ શક્ય બને. બનાસ ડેરીએ આ કાર્યને માત્ર ધારણ કર્યું નથી, પણ એક મહાસાંસ્કૃતિક હરણફાળ તરીકે વિકસાવ્યું છે. દૂધ ઉત્પાદકની આંખોમાં હવે માત્ર આય અને ઉત્પાદન નહીં, પણ હરિત વિકાસની ઝાંખી પણ છે.



## "જ્યાં વૃક્ષ છે, ત્યાં જીવન છે"

વિશ્વ પર્યાવરણ દિવસ એ માત્ર એક દિવસની ઉજવણી નથી; તે તો આપણા વ્યક્તિત્વમાં, વિચારમાં અને કાર્યોમાં રોજ ઉતરી જાવા જેવી બાબત છે. બનાસ ડેરીના પગલાં એ દર્શાવે છે કે પર્યાવરણ માટે સઘન સંકલ્પ, સમૂહશક્તિ અને નવીન દૃષ્ટિ હોય તો કોઈપણ પ્રદેશ એક હરિત પરિવર્તનનો પાયો બની શકે છે.

ચાલો આપણે સૌ "હરિત બનાસ" તરફ એક સાથે આગળ વધીએ – વૃક્ષો વાવીએ, કુદરત બચાવીએ અને આવનારી પેઢીને સુરક્ષિત ભવિષ્ય આપીએ.



# ગૌમાતાની સેવામાં સમર્પિત ક્ષણો

## ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીની બનાસકાંઠાના પશુપાલકના ફાર્મ પર ભાવનાત્મક મુલાકાત



ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીની બનાસકાંઠાના એક પશુપાલક ભાઈના ફાર્મ પરની મુલાકાત એ માત્ર એક મુલાકાત નહોતી — તે દૂધ ઉત્પાદનમાં સચોટ વિઝન ધરાવનાર નેતૃત્વની પ્રતીકાત્મક ઝાંખી છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જે રીતે દરેક પશુની સેવા, ફાર્મની વ્યવસ્થા અને પશુપાલકના દૈનિક સંઘર્ષને આત્મીયતાપૂર્વક નિહાળ્યું — તે દર્શાવે છે કે તેઓ માત્ર ચેરમેન નથી, પરંતુ એ ખેડૂતના દિલને સમજતા એક ખેડૂતપુત્ર છે. ગૌમાતાના ચરણોમાં ઝુકીને દર્શાવેલ શ્રદ્ધા, પશુપાલક પરિવાર સાથે વિતાવેલી ક્ષણો અને તેમને મળેલા આશીર્વાદો આ પ્રસંગને અદભૂત બનાવે છે.

આ મુલાકાતની ખાસિયત એ હતી કે તેમાં ભાવના ખુબજ ઊંડી હતી. એક દ્રષ્ટા અને સંવેદનશીલ નેતા તરીકે શંકરભાઈએ "સેવા હી સંસ્કાર" ના મૂલ્યો જીવંત કર્યા. આવતા વર્ષોમાં ગૌસેવા અને પશુપાલકોના ઉત્થાન માટે તેમનું નેતૃત્વ વધુ મજબૂત તથા માર્ગદર્શક બનશે — એમાં કોઈ શંકા નથી.

નેતૃત્વ એ માત્ર બનાસ ડેરીમાં બેઠા બેઠા ચાલતું નથી, તે તો જમીન પર ઉતરી સંઘર્ષ કરનારા લોકોની વાત સાંભળવાનું, તેમની વેદનાને સમજવાનું અને ગૌમાતાની સેવામાં સમર્પિત દરેક હાથને સન્માન આપવાનું છે.





# બનાસ ડેરી દ્વારા ગુણવત્તાસભર ચોપડાં વિતરણ દ્વારા શિક્ષણને પ્રોત્સાહન

બનાસ ડેરીએ શિક્ષણના ક્ષેત્રે પણ પોતાની જવાબદારી નિભાવતા વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી અને માહિતીસભર ચોપડાઓનું વિતરણ કાર્ય હાથ ધર્યું છે. આ ચોપડાઓ માત્ર લેખન માટેના સાધન નથી, પરંતુ તેમાં બનાસ ડેરીના વિવિધ પ્લાન્ટ્સ, દૂધ ઉત્પાદન સંબંધિત પ્રોજેક્ટ્સ અને પશુપાલકોના હિત માટે ચાલી રહેલા કાર્યોના વિઝુઅલ્સ ફ્રન્ટ અને બેક કવર પેજ પર દર્શાવવામાં આવ્યા છે, જે વિદ્યાર્થીઓને જ્ઞાન-આધારિત એક્સપોઝર આપે છે.

આ ચોપડાઓની સૌથી મોટી ખાસિયત એ છે કે તે અત્યંત ઉચ્ચ ગુણવત્તાના છે – કાગળ, છાપકામ અને ડિઝાઇન એટલી સારી છે કે વિદ્યાર્થીઓમાં તે ખાસ પસંદ કરવામાં આવી રહી છે. રંગબેરંગી છબીઓ અને રુચિજનક મેટેરિયલ સાથે આ ચોપડાઓ વિદ્યાર્થીઓમાં અભ્યાસ માટે ઉત્સાહ જગાવે છે. માત્ર અભ્યાસ પૂરતું નહીં, પરંતુ આ ચોપડાઓ બાળકોમાં બનાસ ડેરી વિશે જાણવાની અને ગૌરવની ભાવના વિકસાવે છે.

બનાસ ડેરીએ સહકારની ભાવનાને લગતી આ પહેલ દ્વારા વિદ્યાર્થીઓમાં નવી પેઢીને ડેરી સાથે સંકળાવવાનો અને પોષણ, ઉત્પાદન, સ્વચ્છતા તેમજ ટેક્નોલોજી જેવા મુદ્દાઓની સમજ આપવાનો પ્રયાસ કર્યો છે. આ ચોપડીઓ બનાસ ડેરીની વિવિધ મંડળીઓ અને ઉમંગ મોલમાં સરળતાથી ઉપલબ્ધ છે જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ શકે.

આ ચોપડીઓ માત્ર શૈક્ષણિક સાધન નથી, પણ બનાસ ડેરીના વિઝન અને વિપુલ કાર્યની ઝાંખી છે, જે નવા યુગના નાગરિકો માટે માર્ગદર્શનરૂપ બની રહે છે. આ પહેલ દેશના સૌથી મોટા સહકારી સંસ્થાના સમાજપ્રતિ અભિગમ અને વિદ્યાર્થીઓ માટેના કર્તવ્યબોધને પ્રતિબિંબિત કરે છે.

# ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ગાંધીનગર ખાતે યોગાભ્યાસ કરીને "યોગ કરો, નીરોગી રહો" નો સંદેશ આપ્યો




યોગ એ ભારતની સંસ્કૃતિની આધ્યાત્મિક ધરોહર છે, જેને આજે આખું વિશ્વ સ્વીકારી રહ્યું છે. યોગ ફક્ત શારીરિક વ્યાયામ નથી, પણ તે મન, બુદ્ધિ અને આત્માને જોડતો સંવાદ છે – જે માણસને સંપૂર્ણ સ્વસ્થતા તરફ દોરી જાય છે. 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ' અને 'સ્વસ્થ ગુજરાત – મેદસ્વિતામુક્ત ગુજરાત' જેવા અમુલ્ય સંદેશ સાથે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર ગુજરાતમાં ઉત્સાહભેર ઉજવાઈ હતી.

ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં આયોજિત રાજ્યસ્તરીય મુખ્ય કાર્યક્રમમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં યોગદિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી. ગુજરાત યોગ બોર્ડ અને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં અંદાજે 3000 જેટલા યોગપ્રેમી નાગરિકોએ ભાગ લીધો હતો. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વિશાખાપટ્ટનમથી દેશવાસીઓને સંબોધન કરીને યોગદિનની શુભેચ્છાઓ પાઠવી અને યોગના વૈશ્વિક મંચ પર પહોંચેલા પ્રભાવ વિશે જણાવ્યું.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આ પ્રસંગે જણાવેલ વાતો યોગના આધ્યાત્મિક અને પર્યાવરણીય પરિપ્રેક્ષ્યને સ્પષ્ટ કરતી હતી. તેમણે કહ્યું કે યોગ એ માત્ર શરીરના સ્વાસ્થ્ય માટે નહીં, પણ મન, ચિત્ત અને આત્માની પણ શુદ્ધિ માટે છે. યોગ કરવાથી માનવી પોતાના આંતરિક સ્વરૂપ તરફ આગળ વધે છે, જે જીવનમાં સંતુલન, શાંતિ અને સ્ફૂર્તિ લાવે છે. ચેરમેનશ્રીએ નોંધ્યું કે ખુલ્લા વાતાવરણમાં યોગ કરવાનો પોતાનો એક જુદો જ આનંદ છે. વૃક્ષો દ્વારા મળતો પ્રાણવાયુ, માટીનો સુગંધિત સ્પર્શ, પક્ષીઓનો કલરવ અને તાજગીથી ભરપૂર વાતાવરણ માનવીને પ્રકૃતિના નૈસર્ગિક સંગાથ તરફ ખેંચે છે. યોગ એટલે ફક્ત શરીરની કસરત નહિ, પણ સમગ્ર પર્યાવરણ સાથે સ્નેહનું પાવન બંધન.

યોગની વિશિષ્ટતા એ છે કે તે કોઈપણ જાત, વય, ધર્મ કે પ્રદેશથી પર છે. આજની આધુનિક જીવનશૈલીમાં જ્યાં તણાવ, અસ્વસ્થતા અને અસંતુલિત જીવન સામાન્ય બની ગયું છે, ત્યાં યોગ એક ઉપાય નહીં, પણ માર્ગદર્શક છે. તે આપણને શારીરિક તંદુરસ્તી ઉપરાંત આંતરિક શાંતિ અને સંતુલન પ્રદાન કરે છે. નિયમિત યોગાભ્યાસથી જીવનશૈલીમાં સરળતા, સંયમ અને આત્મવિશ્વાસ વિકસે છે. તે હૃદયરોગ, ઉંચા બ્લડપ્રેશર, ડાયાબિટીસ અને માનસિક તણાવ જેવી અનેક બીમારીઓનો પ્રાકૃતિક ઉપચાર છે.

યોગદિન પર સમગ્ર રાજ્યમાં લોકો એ પાર્ક, સરકારી સ્થળો, આઇકોનિક લોકેશનો અને ઘરઆંગણામાં પરિવાર સાથે એકઠા થઈને યોગ કર્યા. લાખો લોકો સામૂહિક યોગાભ્યાસમાં જોડાયા. આ રીતે યોગદિન ફક્ત એક દિવસની ઉજવણી નહીં, પણ યોગને દૈનિક જીવનમાં ઉતારવાની પ્રેરણા બની રહ્યો છે.

આવી ઉત્સાહભેર ઉજવાતા યોગ દિવસો આપણને યાદ અપાવે છે કે યોગ કોઈ ફેશન નથી, પણ આપણા જીવન માટે અગત્યનો આધાર છે. ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી જેવા નેતાઓના પ્રયાસો દ્વારા યોગ હવે પ્રજામાં જીવંત ચળવળ બની રહ્યો છે – જે સ્વસ્થ, મજબૂત અને જાગૃત ગુજરાતની રચના માટે મજબૂત પાયા ઊભા કરી રહ્યો છે.

આજનો યુગ જ્યાં 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય' જેવી ભાવનાઓ આવશ્યક બની છે, ત્યાં યોગ એ ભાવના અને વાસ્તવિક કાર્ય વચ્ચેનો પુલ છે. પ્રકૃતિ સાથેના જોડાણથી માંડીને વ્યક્તિના આત્મવિશ્વાસ સુધી યોગની ભૂમિકા અનમોલ છે. યોગના માધ્યમથી આપણે માત્ર પોતાની, આખી માનવજાતની કલ્યાણયાત્રામાં સહભાગી બની શકીએ છીએ – અને એ જ સાચો આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો સાર છે.





# બનાસ પરિવારે યોગથી આપ્યો તંદુરસ્ત જીવનશૈલીનો સંદેશ

બનાસ ડેરીના તમામ પ્લાન્ટ્સમાં ૨૧મી જૂને ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની આધ્યાત્મિક ઉર્જા અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી. આ અવસરે કર્મચારીઓએ વિવિધ યોગાસનો, શ્વાસવિદ્યાઓ (પ્રાણાયામ), અને ધ્યાન દ્વારા તંદુરસ્ત જીવનશૈલી તરફ આગળ વધવાનો સંકલ્પ લીધો. કર્મચારીઓએ યોગાસન દ્વારા તંદુરસ્ત શરીર અને તાજગીભર્યું મન મેળવવાની દિશામાં સુંદર પગલું ભર્યું. કાર્યસ્થળે યોગને સ્વીકારીને તેમણે આરોગ્ય અને કાર્યક્ષમતા વધારવાનો સંદેશો આપ્યો.

બનાસ ડેરીના પાલનપુર પ્લાન્ટ, બનાસકાશી સંકુલ વારાણસી, લખનૌ પ્લાન્ટ, ફરીદાબાદ પ્લાન્ટ ખાતે બ્રહ્માકુમારી પરિવાર સાથે, બનાસ સંકુલ સણાદર ખાતે યોજાયેલા યોગની ઉજવણીનાં કાર્યક્રમોમાં કર્મચારીઓની ઊંડી ભાગીદારી રહી. આ ઉજવણીમાં કર્મચારીઓને યોગના શરીર, મન અને આત્મા માટેના ફાયદા સમજાવવામાં આવ્યા. યોગ દ્વારા કર્મચારીઓએ રોજિંદા કામકાજની મશીનરી લાઇફમાંથી થતો તણાવ ઘટાડી શકવાનો અનુભવ કર્યો.

આ અવસર કર્મચારીઓની તંદુરસ્તી માટે બનાસ ડેરીની પ્રતિબદ્ધતા દર્શાવે છે. યોગ માત્ર એક કસરત નહીં, પણ જીવનની સમતુલા જાળવતો દિશા દર્શક માર્ગ છે – એ સંદેશ લઈને બનાસ પરિવાર આગળ વધી રહ્યો છે.





# શ્રમ અને શાંતિને યોગથી જોડતો બનાસ ડેરી પરિવાર

## બનાસ પરિવારની યોગ દ્વારા આરોગ્યપ્રતિ પ્રતિબદ્ધતા



બનાસ સંકુલ સણાદર



બનાસ કાશી સંકુલ વારાણસી



લખનૌ પ્લાન્ટ



ફરીદાબાદ પ્લાન્ટ

# ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કર્યું નવનિર્મિત બનાસ અમૂલ પાર્લરનું લોકાર્પણ

**જનતાને આ પાર્લર થકી સ્વાદ સાથે ગુણવત્તાયુક્ત ખાદ્ય પદાર્થો અને ડેરી પ્રોડક્ટ પ્રાપ્ત થશે**

## "સ્વાદ, ગુણવત્તા અને વિશ્વાસનું નવું કેન્દ્ર બનાસ અમૂલ પાર્લર"

બનાસ ડેરી, જે આજે માત્ર એક સહકારી સંસ્થા નથી રહી પણ ગ્રામિણ વિકાસ અને કિસાન કલ્યાણની પ્રેરણાસ્ત્રોત બની ગઈ છે, એણે હવે સેવા અને ગુણવત્તાની દિશામાં વધુ એક પગલું મૂક્યું છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના શુભહસ્તે નવનિર્મિત "બનાસ અમૂલ પાર્લર"નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે પશુપાલકો, ખેડૂતો, સ્થાનિક રહેવાસીઓ અને બનાસ પરિવારના કર્મચારીઓની ઉપસ્થિતિમાં આનંદ અને ગૌરવનો માહોલ સર્જાયો હતો. બનાસ અમૂલ પાર્લર માત્ર એક દુકાન નહીં, પણ બનાસ ડેરીના વિઝન અને લોકસેવાના સંકલ્પનો જીવંત પુરાવો છે.

### આધુનિકતા અને આરામનો સુમેળ

આધુનિક સુવિધાઓથી સજ્જ આ પાર્લરમાં ગ્રાહકો અમૂલ અને બનાસ ડેરીની તમામ ગુણવત્તાસભર પ્રોડક્ટ્સ સરળતાપૂર્વક ખરીદી શકશે, સાથે જ આરામદાયક વાતાવરણમાં શાંતિપૂર્વક બેસીને તાજગીભર્યા ઉત્પાદનોનો સ્વાદ માણી શકશે. આ બનાસ અમૂલ પાર્લર ગ્રાહકોને ઊંચી ગુણવત્તાવાળી અમૂલ તથા બનાસ ડેરીની તમામ પ્રોડક્ટ્સ એકજ છત નીચે મળે છે. અહી ફ્રેશ સ્વાદિષ્ટ ખાદ્યપદાર્થો ઉપલબ્ધ છે.







### સહકારી ભાવનાનું આધુનિક સ્વરૂપ

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, "આ નવું અમૂલ પાર્લર માત્ર વેચાણ કેન્દ્ર નથી, પણ તે બનાસ ડેરીની દ્રષ્ટિ અને સંકલ્પશક્તિનું પ્રતિબિંબ છે — એક એવી દ્રષ્ટિ કે જે ગ્રામિણ વિસ્તારના લોકોને ગુણવત્તાયુક્ત સેવા સાથે સંબંધિત કરે છે."

તેઓએ ઉમેર્યું કે આ પ્રકારના કેન્દ્રો દ્વારા શહેરી અને ગ્રામિણ લોકો વચ્ચે સુમેળ વધશે અને દૂધ ઉત્પાદકોના ઉત્પાદનો સીધા ગ્રાહકો સુધી પહોંચશે. આથી વેપારની સાથે સહકારતંત્ર પણ વધુ મજબૂત બનશે.

### બનાસ અમૂલ પાર્લરમાં ગ્રાહકોને મળતી વિશિષ્ટ સેવાઓ

- ગુણવત્તાસભર ડેરી અને ફ્રોઝન ઉત્પાદનો
- સ્થળ પર તાજા ખાદ્યપદાર્થોની ઉપલબ્ધતા
- આરામદાયક બેસવાની વ્યવસ્થા
- પારિવારિક અને મિત્રમંડળ માટે પ્રસન્નમય વાતાવરણ

### વિશાળ દ્રષ્ટિ સાથે મહત્વનું પગલું

આવા પાર્લરો માત્ર વેપાર માટે શરૂ થતા નથી, પરંતુ એ લોકોના જીવનમાં ગુણવત્તા લાવવા અને સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવાના પ્રયાસ છે. બનાસ ડેરીએ હંમેશાં પોતાના પ્રયાસોથી લોકોના મનમાં વિશ્વાસ જગાવ્યો છે — આ નવું પાર્લર એ વિશ્વાસનો વિસ્તૃત દાયરો છે.

બનાસ અમૂલ પાર્લરનો શુભારંભ એ સહકારના નવા યુગનો સંકેત છે, જ્યાં દૂધ ઉત્પાદકો, ગ્રાહકો અને સંસ્થાની વચ્ચેનો સંબંધ વધુ મજબૂત બને છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરી નિત નવો ઈતિહાસ રચી રહી છે. આ નવી પહેલ પણ તે ઈતિહાસનો એક ઉજળો અધ્યાય બની રહેશે.



# જનહિત માટે નિષ્ઠાપૂર્વક સેવારત તેમજ સરળ અને સૌમ્ય સ્વભાવના ધની ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી

# સ્વ. શ્રી વિજયભાઈ રૂપાણીને ભાવભીની શ્રદ્ધાંજલિ

પૂર્વ મુખ્યમંત્રી, ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને બનાસ ડેરી પરિવાર સહીત સમગ્ર ગુજરાતના માર્ગદર્શક શ્રી વિજયભાઈ રૂપાણીજીનું અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનામાં અવસાનના સમાચાર અત્યંત દુઃખદ છે. આ એક એવી ખોટ છે કે જેને શબ્દોમાં વ્યક્ત કરવી મુશ્કેલ છે. તેઓશ્રીનું અવસાન માત્ર તેમના પરિવારજનો કે ગુજરાત માટે જ નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્ર માટે પણ એક ઊંડો ઘા છે. તેમના પરિવાર, નજીકના મિત્રો અને સહકાર્યકર્તાઓ પ્રતિ બનાસ ડેરી પરિવાર હૃદયપૂર્વકની સંવેદનાઓ વ્યક્ત કરે છે અને આ દુઃખની ઘડી સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય તે માટે ઈશ્વરને પ્રાર્થના કરે છે.

સ્વ. શ્રી વિજયભાઈ રૂપાણીજીને માત્ર ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના યોગદાન માટે જ નહીં, પરંતુ જાહેર જીવનમાં તેમના સુંદર વ્યવહાર, શિસ્તબદ્ધ કાર્યશૈલી અને માનવતાવાદી દૃષ્ટિકોણ માટે પણ સ્મરણ કરવામાં આવશે. તેમનું નેતૃત્વ સદાય શાંતિપૂર્ણ, દૃઢ, વિઝન સાથે ભરપૂર અને સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રહ્યું. તેમના જેવા નેતાઓ ઘણાં ઓછા હોય છે – જેમણે બોલવાથી વધુ સાંભળ્યું, જેમણે આદેશ આપવાથી વધુ પોતાના વર્તનથી માર્ગદર્શન આપ્યું. તેઓ એવા જનપ્રતિનિધિ હતા જેમણે મૌન અને વિચારપૂર્વકની પ્રવૃત્તિથી અનેકનાં હૃદય જીતી લીધાં.

તેમની રાજકીય યાત્રા મૂલ્યો માટે સમર્પિત રહી. તેમણે જે કલ્યાણકારી, પ્રજાહિત અને જીવનસ્પર્શી કાર્યો કર્યા, તે જીવનભર અનેક લોકોને પ્રેરણા આપશે. સંસ્કાર, નમ્રતા અને પારદર્શિતા એ તેમના વ્યક્તિત્વના મૂળ ઉદેશ્યો હતા.

આપણે એક નિખાલસ, ઉમદા અને સાચા અર્થમાં લોકસેવકને ખોઈ બેઠા છીએ. તેમણે જીવનભર નિષ્ઠાપૂર્વક ગુજરાતની અને ગુજરાતવાસીઓની સેવા કરી. બનાસ ડેરી પરિવાર સ્વ.શ્રી વિજયભાઈ રૂપાણી સહીત વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલ તમામ યાત્રીઓના પુણ્યસ્મરણમાં સન્માનપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. ભગવાન તેમની આત્માને ચિરશાંતિ અર્પે એવી અંતઃકરણપૂર્વક ઈશ્વરને પ્રાર્થના.



## સ્મૃતિઓમાં સદાય જીવંત રહેશો
## સંવેદનશીલ પૂર્વ મુખ્યમંત્રી સ્વ. શ્રી વિજયભાઈ રૂપાણી

આપની કર્મનિષ્ઠા, સંવેદનશીલતા અને સાદગી અમને હંમેશા પ્રેરણા આપશે. બનાસ ડેરીના વિકાસમાં આપનું યોગદાન ભુલાવવાનું નથી. આપની યાદો હંમેશાં અમારાં હૃદયમાં જીવંત રહેશે.







